INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૮-૦૫-૨૦૨૨

- **આદિવાસી સત્યાગ્રહ રેલીને દાહોદ ખાતે નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઐતિહાસીક મેદાન પર કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી તા. ૧૦મી મે ના રોજ સવારે ૧૦ કલાકે સંબોધન કરશે.**

**'આદિવાસી સત્યાગ્રહ'** રેલીને દાહોદ ખાતે નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઐતિહાસીક મેદાન પર કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી તા. ૧૦મી મે ના રોજ સવારે ૧૦ કલાકે સંબોધન કરશે. ભારત દેશના બંધારણે આદિવાસી ભાઈ-બહેનોને આપેલા વિશેષ અધિકાર છીનવવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે. આદિવાસી સમાજના ભાઈ-બહેનોને તેમના બંધારણીય હક્ક અને અધિકાર મળે તે માટે કોંગ્રેસ પક્ષ સતત સંસદ, ધારાસભા અને સડક પર લડત આપી રહ્યો છે. ગુજરાતમાં ભાજપાની સરકાર આદિવાસી સમાજની ઓળખ અને તેની સંસ્કૃતિને મોટા પાયે નુકસાન કરી રહી છે. તા. ૧૦મી મેના રોજ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધી કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યો સાથે બપોરે ૨-૦૦ કલાકે બેઠક કરશે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધી આદિવાસી વિસ્તારના તમામ આગેવાનો સાથે પણ વિશેષ સંવાદ બેઠક યોજશે અને સ્થાનિક પરિસ્થિતિ વિશે વાર્તાલાપ કરશે.

**'આદિવાસી સત્યાગ્રહ'** રેલીને દાહોદ ખાતે શ્રી રાહુલ ગાંધી કાર્યકરોને માર્ગદર્શન આપી આગામી સમયની અંદર વધુ મજબુતિથી આદિવાસી સમાજના પ્રશ્નો માટે લડતના કાર્યક્રમો ખુલ્લા મુકશે. **'આદિવાસી સત્યાગ્રહ'** રેલીમાં આદિવાસી સમાજના સળગતા પ્રશ્નો, આદિવાસી અસ્મિતા, સંસ્કૃતિ માટે લડતનો નિર્ધાર જાહેર કરાશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના ભાઈ-બહેનોને તેમના બંધારણીય હક્ક અને અધિકાર મળે તે માટે કોંગ્રેસ પક્ષ લડત આપી રહ્યો છે. ત્યારે આદિવાસી સમાજના ભાઈ-બહેનોના હક્ક અને અધિકાર માટે તા. ૧૦મી મે ના રોજ દાહોદ ખાતે સવારે ૧૦ કલાકે 'આદિવાસી સત્યાગ્રહ' રેલીમાં બહુ મોટી સંખ્યામાં જોડાવવા કોંગ્રેસ પક્ષ દ્વારા અપિલ કરીને નિમંત્રણ આપે છે. આવો સાથે મળીને આદિવાસી સમાજના ભાઈ-બહેનોના હક્ક - અધિકારને પુનઃ સ્થાપિત કરીએ.

---

## નિમંત્રણ

**'આદિવાસી સત્યાગ્રહ'** રેલીને દાહોદ ખાતે નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઐતિહાસીક મેદાન પર કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રિય નેતાશ્રી રાહુલ ગાંધી તા. ૧૦મી મે ના રોજ સવારે ૧૦ કલાકે સંબોધન કરશે.

**'આદિવાસી સત્યાગ્રહ'** રેલીના કવરેજ માટે આપશ્રીના પત્રકારશ્રી, ફોટોગ્રાફરશ્રી તથા ટી.વી. ટીમને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સહ વિનંતી છે.

| | |
|---|---|
| તારીખ | : ૧૦મી મે, ૨૦૨૨ |
| સમય | : સવારે ૧૦-૦૦ |
| સ્થળ | : નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઐતિહાસીક મેદાન, દાહોદ. |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા